# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/064 Dt. 24/07/2025

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## અમેરિકામાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ ન્યૂયોર્ક સ્થિત ભારતના કોન્સુલ જનરલ શ્રી બિનય શ્રીકાંત પ્રધાન સાથે મુલાકાત કરી

### ન્યૂયોર્ક સ્થિત ભારતના કોન્સુલ જનરલે ચેમ્બર ઓફ કોમર્સના નેજા હેઠળ સુરતના ટેક્ષ્ટાઇલ અને ડાયમંડના ઉદ્યોગકારોના પ્રતિનિધિ મંડળને અમેરિકાની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું, કોન્સુલ જનરલ શ્રી બિનય શ્રીકાંત પ્રધાનને પણ સુરતની મુલાકાત માટે ચેમ્બરે આમંત્રણ આપ્યું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ ધર્મપત્ની શ્રીમતી શીતલબેન તથા પુત્ર સાર્થક સાથે બુધવાર, તા. ૨૩ જુલાઇ ૨૦૨૫ના રોજ અમેરિકા ખાતે ન્યૂયોર્ક સ્થિત ભારતના કોન્સુલ જનરલ શ્રી બિનય શ્રીકાંત પ્રધાનની સાથે મુલાકાત કરી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ મુલાકાત દરમ્યાન ન્યૂયોર્ક સ્થિત ભારતના કોન્સુલ જનરલને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની વિવિધ પ્રવૃત્તિઓ તથા આંતરરાષ્ટ્રીય વેપારને પ્રોત્સાહન આપવાના હેતુથી ચેમ્બર દ્વારા યોજાતા વિવિધ એકઝીબીશનો અને બે દેશો વચ્ચેના ઉદ્યોગ સાહસિકો વચ્ચેની બીટુબી મિટીંગો સંદર્ભે વિસ્તૃત માહિતી આપી હતી. વધુમાં, તેમણે કોન્સુલ જનરલ શ્રી બિનય શ્રીકાંત પ્રધાનને સુરતના ઉદ્યોગ – ધંધાઓ તેમજ ચેમ્બરની મુલાકાત માટે આમંત્રણ આપ્યું હતું, જે તેમણે સહર્ષ સ્વીકાર્યુ હતું.

ન્યૂયોર્ક સ્થિત ભારતના કોન્સુલ જનરલ શ્રી બિનય શ્રીકાંત પ્રધાને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના નેજા હેઠળ સુરતના ટેક્ષ્ટાઇલ અને ડાયમંડના ઉદ્યોગકારોના પ્રતિનિધિ મંડળને અમેરિકાની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું તેમજ સુરત અને દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર ભારત તથા અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપારને વધુ મજબૂત બને તે માટે મહત્વના સૂચનો આપ્યા હતા.